નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ટેરવાં અનપઢ અને તઘલખ,લખી શકતાં નથી
આંગળાં લખતી નથી કે નખ લખી શકતા નથી
આપણે પીડાના સરનામે જતા પત્રો છીએ
આપણી પીડાને કંઇ ઓળખ લખી શકતા નથી.

- ભરત ભટ્ટ 'તરલ'

પાથેય

- રમેશ ઠક્કર

અંદરનો ઉઘાડ...

મહામારીના લાખ ઘાવ હશે પણ એક જ સારી બાબત જો એમાંથી શીખવા મળી હોય તો એ છે અનાસકત ભાવ..! માણસને પહેલી વખત એવો જાત અનુભવ થયો કે દુનિયામાં કોઈપણ વસ્તુનો મોહ ના રાખવો જોઇએ.આપણે જેને પોતાનું માની એના માટે અનુરાગ રાખીએ છીએ..જેના મોહપાશમાં આપણે જકડાઇ જોઇએ છીએ એ બધી જ મોહમાયા ઘડીના છઠ્ઠા ભાગમાં અલોપ થઈ જતી આપણે જોઇ લીધી..

આખરે આપણું શું હોય છે જગતમાં ? આવો પ્રશ્ન તો દરેકને થયો જ છે..એનો જવાબ કોઈપણ જગ્યાએથી મળી શકે એમ નથી..આપણે પોતે જ એનો પ્રત્યુત્તર શોધી લેવો પડશે.એક કાયમી એકલતા સહુને જાણે ઘેરી વળી હતી..મોંઘીદાટ કોઇ ચીજ કે મનોરંજન માટેની કોઇ વ્યવસ્થા કામમાં આવી નહી..માણસ એકલો આવ્યો હતો એમ જ એણે મુશ્કેલીઓની સામે એકલા જ ઝઝૂમવાનું છે એ બાબત સહુને શીખવા મળી...

કોઇ આપણને પૂછે કે જીવનમાં સૌથી આકરો સમય કયો હોઇ શકે ? બેરોજગાર વ્યકિતને એમ લાગે કે કામ વગર જીવવું એ જ સૌથી મોટું દુઃખ..કોઈ મજૂરને મન રાતદિવસ તનતોડ મજૂરી કરી માંડમાંડ રોજી કમાવી એથી વધારે બીજી કોઇ હાડમારી નથી એવું લાગે..કોઇને શારીરિક બિમારી હોવાનો રંજ કોરી ખાતો હોય..કોઇ માણસ સારી પરવરિશ આપ્યા છતાં સંતાનો બગડી ગયાં હોય એનાથી વ્યથિત હોય...દરેકને પોતાનું આગવું દુઃખ છે..માણસ જયારે એકલો પડીને જાત સામે જ જીવવાની એકલ કોટડીમાં મુકાયો ત્યારે એને આબધાં જ દુઃખોની કોઇ વિસાત જ ના લાગી ! જગતમાં સૌથી મોટી આપત્તિ જો કોઇ હોય તો એ છે એકલા પડી જવું !હર્યાભર્યા વૈભવ વચ્ચે એકલા હોવાની પીડા..મહામારીએ માણસને કાળમીંઢ એકલતાનો અનુભવ કરાવી દીધો..

માણસ જયારે અસહાય બની ફક્ત જાતના સહારે જીવવાની સ્થિતિમાં મુકાય છે ત્યારે જગતના કોઇ પ્રચલિત ઉપચારો એને બચાવી શકતા નથી..આપણું કોઇ ઐશ્વર્ય કામ લાગતું નથી.આવા સમયે જો વ્યકિત જાત સાથે સંવાદ કરવાનું શીખી જાય તો એને કાયમી ઉપચાર મળી જતો હોય છે..એકલા ઝઝૂમવામાં સાહસ તો હોય જ છે પણ એના થકી કોઇ પણ મુસીબતને આસાનીથી હરાવી શકાય છે...

આપણે ઘણીવાર આપણી સમસ્યાઓનો ઉકેલ બાહય જગતમાં શોધતા રહીએ છીએ. માણસ જો સ્હેજ પોતાની અંદર ડોકિયું કરે તો શ્રદ્ધાનું એક ઝળહળતું કોડિયું આપણી અંદર સદૈવ દીપતું હોય છે...જાત સાથે જીવવાની ટેવ પડી જાય તો આપણી મોટાભાગની મુસીબતો આપોઆપ ગાયબ થઈ જતી હોય છે..આજના જમાનામાં એકાકીપણું એ અભિશાપ બનતો જાય છે ત્યારે જાત સાથેનો અવિરત સંવાદ જીવનને એક નવો જ લય આપી જતો હોય છે.

હવે રામ વિરુદ્ધ કૃષ્ણની ચૂંટણી

તંત્રીસ્થાનેથી...

રાજકારણ કયારે કેવો વળાંક લેશે એની આગાહી તો કદાચ ઈશ્વર પણ ભાગ્યે જ કરી શકશે ! ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી પાસે રામ એક હથિયાર બની ગયેલ છે. કાશી વિશ્વાનાથ પણ ભાજપની તરફેણમાં દેખાઈ રહ્યા છે. આખરે અત્યાર સુધી આરામમાં હતા તે કૃષ્ણ પણ અખિલેશ યાદવની વહારે ધાયા છે. યદુકુળનો જુવાનિયો અભિમન્યુની જેમ એકલવીર બની ઝઝૂમતો હોય ત્યારે પૂર્વજનું લોહી ઉછાળા ન મારે તો જ નવાઈ. યાદવો પોતાને કૃષ્ણના વંશજો અને વારસદારો ગણે છે. ઉત્તરપ્રદેશમાં અને બિહારમાં એમની લીલા ચાલતી રહી છે. દેશ આઝાદ થયો ત્યારે કોઈએ ભાગ્યે જ કલ્પ્યું હશે કે ગાંધી વિચાર સાથે સંકળાયેલી કોંગ્રેસ છિન્નભિન્ન થઈ જઈ સમાજવાદી ચોગો પહેરીને મૂળ કોંગ્રેસ સામે પડકાર ઊભો કરશે. સમાજવાદની વૈશ્વિક વિચારધારાના પ્રભાવ હેઠળ જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયા જેવા પ્રખર આગેવાનો કે આચાર્ય નરેન્દ્ર દેવ અને સચ્ચિદાનંદ જેવા વિચારકોએ પ્રજા પર પ્રભાવ તો પાથર્યો હતો અને સંયુક્ત વિધાયક દળ (સંવિદ)ની સરકાર પણ બની ગઈ હતી. ચૌધરી ચરણસિંહ કિસાનોના નેતા તરીકે ઊપસ્યા હતા. પરંતુ ત્યારે જાતિવાદના નામે ચૂંટાયા મોટા કદના નેતાઓ જ્ઞાતિનો પોતાના નામ સાથે ઉલ્લેખ કરતાં પણ શરમ અનુભવતા હતા. જ્ઞાતિવિહીન સમાજરચનાનો વિચાર દયાનંદ સરસ્વતીએ પણ રજૂ કરેલો. બધા જ આર્ય. આર્યાવર્તમાં રહેતા હોય તે તમામ જાતિ એક. પરંતુ રાજકારણ તો વિભાજન અને વિઘટન કરાવનારી શેતાની સમસ્યા છે. એટલે પાર્ટીમાં પણ જ્ઞાતિવાદ પેઠો. બ્રાહ્મણોના પ્રચંડ વર્ચસ્વ સામે પ્રશ્નાર્થો ઊભા થયા. ઉત્તરપ્રદેશમાં અને બિહારમાં નાના નાના રજવાડાં અને જાગીરો ધરાવતા જમીનદારો સક્રિય થયા તો સામે સર્વહારા શોષિત વંચિત અને દલિત પણ એના અધિકારો મેળવવા સળવળી ઊઠ્યો. પરિણામે કોંગ્રેસ જેવું વટવૃક્ષ કાળક્રમે ધરાશાયી થઈ ગયું. આપણે ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ ઝીંક ઝીલી રહેલાં વિવિધ જૂથો જોઈએ છીએ એમનું મૂત્ર ગોત્ર તો કોંગ્રેસ જ છે. એ કોંગ્રેસ પંડિત જવાહર લાલ નહેરુની જાગદીર બની ગઈ હતી એટલે તૂટતી ફૂટતી આજે એ સોનિયા-રાહુલ-પ્રિયંકાની પાર્ટી બની ગઈ છે. સમાજવાદી વિચારધારા સાથે સંકળાયેલા ચૌધરી ચરણસિંહ આખરે જાટ નેતા તરીકે જ પ્રસ્થાપિત થયા અને જયપ્રકાશ નારાયણના આંદોલન હતા. યાદવોના મોટા નેતા તરીકે મુલાયમસિંહ અને લાલુપ્રસાદ યાદવ જેવી આગેવાનોએ વર્ષો સુધી રાજ કર્યું એનું મુખ્ય કારણ એમની તરફેણમાં જાતિ સમીકરણ. યાદવો સામે મુસલમાનોની જુગલબંધી રચાઈ -જેને રાજકીય વિશ્લેષકો (My) 'માય' તરીકે ઓળખે છે. ઉત્તરપ્રદેશમાં દલિતોનું જૂથ કાંશીરામની પાર્ટી બહુજન સમાજમાં ફેરવાઈ જતાં ત્રીજા પરિબળ તરીકે માયાવથી જેવા ઝુઝારુ મહિલા નેતા મળ્યા. કોંગ્રેસ વિરુદ્ધ ઈંદિરા બ્રાન્ડ ઈમરજંન્સીની ઊભા થયેલા પડકારમાં હિંદુત્વવાદી જનસંઘ પણ હતો. વિકસીને એ કાળક્રમે ભારતીય જનતા પાર્ટીમાં ફેરવાયો જેણે વાજપેયી, અડવાણી અને મુરલી મનોહર જોષી જેવી નેતા ત્રિપુટી આપી. ભાજપનો વિસ્તાર રામમંદિરના આંદોલન થકી સવિશેષ થયો છે. સાધુસંતોના સમર્થનથી એ છેક છેવાડાના શ્રદ્ધાળુ હિંદુ સુધી પહોંચી શકેલ છે. પરંતુ હવે એ 'રામ' સામે અખિલેશ યાદવે 'કૃષ્ણ'ને ચૂંટણીયુદ્ધમાં ઉતારવાની ચાલ ચાલી છે. અખિલેશ યાદવ કહે છે કે કૃષ્ણ તો સપનામાં આવીને રોજ રાત્રે કહી જાય ખે સરકાર તો 'સપા'ની જ બનવાની છે. કૃષ્ણને ભાજપના ભગવાધારી મુખ્યમંત્રીની ઝોળીમાંથી ખૂંચવી લેવાની કળા અખિલેશ યાદવે કેમ અજમાવવી પડી ? હિંદુ બહુમતી રામ નામે એક તરફી થઈ જતાં ગત વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ભાજપના પાસા પોબાર પડ્યા હતા. કૃષ્ણના વંશવારસને એ પોસાય ખરું ?

માન હંમેશા સમયનું હોય છે, પણ વ્યક્તિ એને પોતાનું સમજી બેસે છે!

લાગણીનો મેળો

રસિક વાળંદ

ખેંચતી ઘૂમરાતી પળ વચ્ચે જીવ્યો,
હું જ પોતાનાં વમળ વચ્ચે જીવ્યો.
- મનોજ ખંડેરિયા

●●●

એક માણસ મૃત્યુ પામે છે. ચિત્રગુપ્ત એના ચોપડા તપાસીને કહે છે કે તમારે ફરીથી પૃથ્વીલોક પર જવું પડશે. પેલો માણસના પાડે છે કે હવે ફરીથી પૃથ્વી પર જવું શક્ય નથી. કારણ કે ત્યાં તો મારી અંતિમ ક્રિયાઓ પૂરી થવામાં છે. ખૂબ રકઝક પછી ચિત્રગુપ્ત એને પ્રશ્નો પૂછે છે કે દોસ્ત, તેં કોઈ દિવસ બીજાને વિચાર કર્યો છે ? તું કોઈ દિવસ કોઈના પ્રેમમાં પડ્યો છે ? તને કોઈ દિવસ બીજાના સુખનો વિચાર આવ્યો છે ? તું કોઈના વિરહમાં રડ્યો છે? તારી ઉપર બીજા વિશ્વાસ મૂકે એવું તેં શું કર્યું છે ? પેલો માણસ બધામાં 'ના' જ પાડ્યા કરે છે, પછી કંટાળીને ચિત્રગુપ્તે કહ્યું કે 'દોસ્ત, તું જીવ્યો જ નથી તો તને મૃત્યુ પામેલો કેવી રીતે જાહેર કરવો?'

દોસ્તો, આ દુનિયામાં ઘણા એવા છે જે 'જીવ્યા' નથી પણ જીવે છે. જેમની પાસે જીવન છે પણ તેઓ સજીવ નથી.

મિત્રો, 'મારે તો આ જિંદગી જીવી લેવી છે.' આવું કહેનારાઓનો કોઈ તોટો જ નથી. જિંદગી તો સૌ કોઈ જીવે છે પણ જીવવા - જીવવામાં ફેર છે. કો'ક જિંદગી સાચા અર્થમાં જીવી જાણે છે તો કેટલાક જિન્દગી પસાર કરી નાખે છે. જિંદગી જીવવી એટલે શિખરો ચઢવાનો આનંદ ... રિયલ સેન્સમાં શિખર પર પહોંચી ને તેનો આનંદ માણવો. રોમાંચ અનુભવવો... જયારે જીવી નાખનારાના હૈયામાં એક બર્નિંગ ડિઝાયર ઝભૂકતી હોય છે, જે આગળ વધવા જોમ - જુસ્સો પૂરો પાડે છે. કાંઈક કરી છૂટવાની સુષુપ્ત તાકાત સાહસમાં રંગ ભરી દે.... કોઈ એક લક્ષ્ય કાજ જીવન સમર્પી દેનારા તો ઈતિહાસના પાને છવાઈ જાય. જયારે જીવી ખાનરા તો 'એક ઓછો થયો' ના માપે મપાય છે. જિંદગી વર્ષોમાં નહીં સાર્થકતામાં મપાય છે ! મોટા ભાગે તો ખાધું, પીવું ને રાજ કર્યું !' ના ન્યાયે ખર્ચાઈ જતા હોય છે.

કયારેય આપણે વિચારીએ છીએ ખરાં.... કે જિંદગી યશસ્વીને સાર્થક બને એવું કંઈ કર્યું હોય... કોઈ ઉદાત્ત લક્ષ્ય સાથે જીવીએ છીએ ખરાં ?! 'અબજોપતિ' કે 'સત્તાધીશ' બનવાનું વિચાર્યું હોય ને બની પણ ગયા હોય.... પણ... જિંદગી જીવ્યાનો સાચુકલો આનંદ મળશે ખરો ?! કદાચ 'વીઆઈપી' નો ખિતાબ મળી જાય... પણ જીવન જીવવાનું સુખ તો વેંત છેટું જ રહેશે. પરંતુ ધનપતિ બન્યા પછી કોઈના કામમાં આવશો તો ખરું.... તમારી સમૃદ્ધિ થકી કોઈનું જીવન સમૃદ્ધ થાય તો જીવ્યું લેખે લાગ્યું ગણાય !! દટાઈને ઊગવું એટલે જીવનને પામવું. ઉજળો મનખા મળ્યો છે.... સારી રીતે જીવવાનો ચાન્સ મળ્યો છે... ગુમાવાય નહીં... સતર્ક રહીએ તોય ઘણું !!!

ગીતાકારે તો જીવનયજ્ઞની વાત સમજાવી છે, યજ્ઞ એટલે આહુતિ... હોમાઈ જવું... યજ્ઞ એટલે ઉત્તમતા - શ્રેયોન્મુખતા અને સર્વપોષકતા... આ પાઠ પાકો કરવા માનવ જીવન સાંપડ્યું છે... આ તત્ત્વજ્ઞાન જરા અઘરું લાગે છે... પચાવવું ભારે પડે.... જવા દો, હું તમને સાવ-સાદી ભાષામાં પૂછું કે એકબીજા સાથે સ્નેહ, સંપ, શાંતિથી શ્વાસો લેતા શીખ્યા છો ખરાં ? બીજાને આતંકરુપ બનવાને બદલે આશીર્વાદ રુપ બનીએ તો કેવું ? આપણે ગમે તેટલાં વિદ્વાન, ધનવાન કે શક્તિશાળી હોઈએ પણ ઘરમાં, સમાજમાં, પાડોશમાં શાંતિપૂર્વક ના જીવીએ તો? તો આવી શ્રી, સત્તા કે બુદ્ધિમત્તા કલ્યાણકારક ન હોય તો એનો શૉ અર્થ ? ઘર, સમાજ કે સંસારને સુખી કરવા માટે માણસે ઉત્તમ માનવ થવાની અથવા તો જીવનને ઉત્તમ રીતે જીવવાની કળા સિદ્ધ કરવાની છે. એકલપેટા બની જીવી જવાનું ? જરૂરિયાતમંદ કે બીજાની સેવાને જીવન વ્રત બનાવીએ તો કેવું ? આમ કરવાથી જીવનમાં સાર્થકતા અને અનાશક્તિનો ગુણ ન ખબર પડતાં આત્મસાત્ થઈ જશે... અને જેનું જીવન નિષ્પાપ ને નિર્મળ હોય એનું મૃત્યુ પણ મંગળ હોય !!

દોસ્ત, વસમું વરસ પસાર કર્યું.... કોરોનાને કોઠે પાડ્યો પણ... ઓમિક્રોન પાણી ન ફેરવે તો ખરું !!! છદ્મવેશે વિચરણ કરતાં વૈશ્વિક વાયરસે મનખાવતારની ક્ષણભંગુરતાને સોદાહરણ સમજાવી દીધા છે. પ્રેમ અને કરુણાના મસિહા પ્રભુ ઈસુના આ નવલા વર્ષે તન, મન અને જન પરત્વે સાબદા રહી પ્રેમ - કરુણાના વ્રતી બનીએ !!

સ્પર્શમણિ :

જિંદગી તો સસ્તી જ છે દોસ્ત, મોંઘી તો જીવવાની રીત છે...!!

●●●

માણસ ભૂલતો નથી ને એટલે જ ખુલીને જીવતો નથી!

●●●

માન હંમેશા સમયનું હોય છે, પણ વ્યક્તિ એને પોતાનું સમજી બેસે છે!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

દિન મહિમા

- સ્નેહરશ્મિની પુણ્યતિથિ ઝીણાભાઈ રતનજી દેસાઈ) ગુજરાતી કવિ
- લાભશંકર ઠાકરની પુણ્યતિથિ - જાણીતા ગુજરાતી સાહિત્યકાર
- કપિલ દેવનો જન્મ ૧૯૫૯માં આ જ દિવસે ભૂતપૂર્વ ક્રિકેટર કપિલદેવનો જન્મ થયો હતો. તેમનાં નેતૃત્વમાં ભારતે ૧૯૮૩માં ક્રિકેટ વિશ્વકપ જીત્યો હતો.

આજનું

ઔષધ

- ૧ ચમચી જીરાનું ચૂર્ણ ૧૦ ગ્રામ કારેલાના રસમાં મેળવી પીવાથી મેલેરિયા મટે છે.

ખડખડાટ

- અમારા જમાનામાં વાલી મીટીંગ નહોતી થતી. ટીચર જ ઘરે આવતાં ચા-પાણી પીતા અને ટીચરથી મેથીપાક ખવડાવીને જતા.

આજનો

વોટ્સએપ

- સંપૂર્ણ રીતે જીવવનો મર્મ સમજવો એ જ સાચું શિક્ષણ છે.

કાનની તકલીફોમાં ઉત્તમ - સારિવાદિ વટી

જેમ એલોપથીમાં કાન, નાક, ગળાનો ઈ.એન.ટી. વિભાગ હોય તેવો જ વિભાગ આયુર્વેદમાં શાલાક્યતંત્ર તરીકે ઓળખાય છે. ઈ.એન.ટી. ને લાગતા લગભગ તમામ પ્રોબ્લેમનું નિવારણ આપણને આ તંત્રમાં મળે. આજે આપણે એક એવી દવા વિષે વાત કરવાના છીએ જેનો મેઈન રોલ કાનની તકલીફોમાં છે પણ કાનની સાથે-સાથે બીજા અનેક રોગોમાં તે લાભકારક છે. આ દવા એટલે સારિવાદિ વટી.

પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

સારિવાદિ વટીના ઘટકદ્રવ્યો વિષે જોઈ એ તો મુખ્યત્વે તેમાં સારિવા નામનું ઔષધ પડે છે. સારિવાને અનંતમૂળ તરીકે પણ ઓળખાય છે. આપણે ગુજરાતમાં તેને ઉપલસરી કહીયે. આ ઉપરાંત સારિવાદિ વટીમાં જેઠીમધ, કઠ, દાલચીની, તમાલપત્ર, નાગકેસર, ગળો, ત્રિફળા, અભ્રક ભસ્મ, લોહ ભસ્મ, ભાંગરો, કાકમાચી, ચણોઠીના મૂળ આદિ ઔષધોનો સમાવેશ થાય છે.

હવે વાત કરીએ સારિવાદિ વટીના ઉપયોગોની.. સારિવાદિ વટી મુખ્યત્વે કાનના રોગોમાં ઉપયોગી છે, જેમકે બાધિર્ય (બહેરાશ), કાનમાં સતત કૈક અવાજ આવતા હોવાનો ભાસ થવો (ટીનિટસ), કાનના ઈન્ફેક્શન વગેરે રોગોમાં સારિવાદિ વટી ઉપયોગી છે. આ ઉપરાંત શરદી-ખાંસી, લોહીના રોગો, ડાયાબિટીસ, શુક્રાણુઓને લાગતા રોગો, હૃદયરોગો વગેરેમાં પણ સારિવાદિ વટી ઉપયોગી છે.

આમ તો દરેક સારી ફાર્મસી સારિવાદિ વટી બનાવે છે અને આપને આપના નજીકના આયુર્વેદિક સ્ટોર પરથી મળી પણ જશે પરંતુ સારિવાદિ વટીમાં ભસ્મ દ્રવ્યોનો સમાવેશ થતો હોવાથી ચિકિત્સકની સલાહ અનુસાર લેવી જરૂરી છે.

(મો) ૯૮૭૯૪૩૧૧૪૭

અરે ભાઈ, મારી સુંદરતા અને વિરાટતા પણ જુઓ



સ-રસ

મમતા બુચ

ખુશનુમા દિવસની એ ખુશનુમા સવાર હતી. ક્રિસમસ હજી હમણાં જ ગઈ હતી. પણ એનો ખુમાર તાજો હતો. નવું વર્ષ વધાવવા આવેલા ટૂરિસ્ટ્સ પણ મસ્તીના મૂડમાં હતા.

હિમાચ્છાદિત પહાડોની ગોદમાં રંગબેરંગી ગરમ વસ્ત્રો પહેરેલાં સહેલાણીઓ ગેલમાં હતાં. અને આ બધું જોઈને એક બીજા સમુદાયમાં પણ ગૂસપુસ ચાલતી હતી. એ સમુદાય એટલે નદી, પર્વતો, વૃક્ષો, ફૂલો, વગેરેનો. એ બધાં પણ આજ મજાકના મૂડમાં હતાં.

કહેવાય છે કે માનવમનનું પ્રતિબિંબ કુદરતમાં ઝીલાય છે અને કુદરતનું માનવમનમાં. પહાડોએ પ્રેમથી એના ખોળામાં રહેલી કેસર-ક્યારીઓને પૂછ્યું, ''કેમ, મજામાં ને બધાં?'' અને વાતનો દોર ચાલુ થઈ ગયો. ખડખડાટ હસતાં-હસતાં ચિનાબે કહ્યું, ''એમને શું તકલીફ હોય! મારાં અમૃતથી સિંચાઈને મજાની લહેરાય છે!'' જવાબમાં કેસરે મીઠો છણકો કર્યો, ''જા, જા, આ જગતમાં મારી કેટલી કિંમત છે એ તું શું જાણે! તારું પાણી તો વહી જાય છે. કોઈને પડી પણ નથી!'' ચિનાબ પણ ગાંજી જાય એમ નહોતી. ''તું તો સાવ ફૂદદા જેવું છે! મારાં ધસમસતા પ્રવાહ આગળ તારી તો શી વિસાત?'' ''હા, તો પૂછ મારા એક તણખલાની કિંમત!'', કેસરે વટથી કહ્યું.

''ચાલો, એમ લડો નહીં.હ્વ મંદ-મંદ મુસ્કુરાતાં પવને કહ્યું. ''તમારે મારું આધિપત્ય તો સ્વીકારવું જ રહ્યું. મારા વગર તો કેસર પણ લહેરાશે નહીં કે ચિનાબ પણ આગળ વધશે નહીં.'' ચિનાબે નમ્રતા સાથે કહ્યું, ''સાચી વાત, પણ મારા કિનારે સોહની-મહીવાલની પ્રેમકથા રચાઈ અને જગતમાં અમર બની ગઈ. એમના એ પ્રેમની હું સાક્ષી છું. અને પ્રેમથી તો વધુ આ વિશ્વમાં શું છે?'' તરત અવાજો ઊઠવા લાગ્યા, ''હા, હા, અમે પણ એ પ્રેમકહાની વિષે બહુ સાંભળ્યું છે. જરા લંબાણથી કહો ને.''

ચિનાબ અતીતમાં ખોવાઈ ગઈ, ''પંજાબ અને સિંધપ્રદેશમાં લોકજીભે રમતી આ કરૂણ પ્રેમકથા મારી આંખો સામે જ જન્મી હતી. સોહની એક કુંભારના ઘરે જન્મેલી સુંદર દીકરી હતી. ઘડા અને સુરાહી બનાવવામાં અને એની ઉપર જીવંત લાગે એવાં ચિત્રો દોરવામાં એનો જોટો જડે એમ નહોતો. પણ એના ભાગ્યમાં અલગ રીતે અમર થવાનું લખ્યું હતું. મહીવાલ એક ભરવાડ હતો. સોહની અને એની આંખો મળી અને યુગ-યુગ જૂનો પ્રેમ જીવંત થઈ ઊઠ્યો. પછી તો બંનેના પ્રેમજીવનમા ઘણાં વિઘ્નો આવતાં રહ્યાં પણ પ્રેમીઓ મળતાં રહ્યાં. સોહની પાકા ઘડાના સહારે મારાં નીર પાર કરતી રહી અને મહીવાલ સોહનીના પ્રેમના સહારે જીવતો રહ્યો.''

''પછી?'' કેસરની આંખોમાં ઉત્સુકતા હતી. ચિનાબે નિઃસાસો નાખ્યો, ''પછી શું? પ્રેમ જેવું નાજુક સ્પંદન પણ કોણ જાણે કેમ લોકોને ખૂંચતું રહ્યું છે! સોહની જે પાકા ઘડાના સહારે મારાં નીરને પાર કરીને સામે છેડે મહીવાલને મળવા આવતી એ ઘડો સંતાડીને એની જગ્યાએ કાચો ઘડો મૂકી દેવામાં આવ્યો.'' બધાં ગમગીન થઈ ગયાં. ''તો શું સોહની...?''

''હા'', ચિનાબની આંખોમાં ઉદાસી ડોકાઈ, ''એ રાત્રે પણ સોહની દરરોજની જેમ મહીવાલને મળવા નીકળી. પણ કાચા ઘડાની મજબૂતીએ મારાં ધસમસતા વહેણની સામે ઘડીભરમાં જવાબ દઈ દીધો. સોહની ઘડાની સાથે ડૂબતી રહી અને સામે છેડે મહીવાલ પણ પોતાની જાતને રોકી ન શક્યો. સોહનીને ડૂબતી જોઈ એ પણ મારાં નીરમાં કૂદી પડ્યો. અને અંતે...બંને મારા ખોળામાં સમાઈ ગયાં.'' બધાં ચૂપ હતાં. આખરે પહાડે ચૂપકીદી તોડી, ''ચિનાબ, શું કામ દુઃખી થાય છે, બહેન? તેં તો એ બંનેને એક કર્યાં.'' તમામે એક અવાજે હા પાડી. પહાડે ધીર-ગંભીર અવાજે પૂછ્યું, ''તો પછી સૌ એકમત થઈને ચિનાબને સર્વશ્રેષ્ઠ જાહેર કરીએ?''

એટલામાં દેવદારના વૃક્ષે આળસ મરડી. ''અરે ભાઈ, મારી સુંદરતા અને વિરાટતા પણ જુઓ! મારા તો નામમાં જ ''દેવ'' છે! હું દેવોનું વૃક્ષ છું અને એટલે લોકો માટે પૂજનીય છું. મારો ઉલ્લેખ તો 'રામાયણહ્વમાં પણ કરવામાં આવ્યો છે. એટલો પ્રાચીન મારો જન્મ છે. અને હું હંમેશાં લીલુંછમ રહેતું અને આ પ્રદેશમાં સૌથી વધુ ઝડપે ફેલાતું વૃક્ષ છું એ તો ખબર છે ને? મારા લાકડામાંથી તો ઈમારતો બંધાય છે. અને બીજું બધું તો ઠીક, પણ આ રૂપકડી હાઉસબોટ પણ મારે લીધે પાણી ઉપર તરે છે. કારણકે મારા લાકડાને કોરી ખાવું સહેલું નથી.'' અન્યોએ કહ્યું, ''હા, ભાઈ, તું દેવોનું વૃક્ષ છે તો સર્વશ્રેષ્ઠ હોવાનો પહેલો હક તારો.''

એટલામાં ધીમેકથી અવાજ આવ્યો, ''કેમ મને ભૂલી ગયાં બધાં? મનુષ્યને જેવું મગજ હોય છે ને એવું જ મગજ મારી અંદર પણ છે.'' બધાંની નજર એની ઉપર ગઈ, ''હા, ભાઈ, અખરોટ, તારી તો વાત જ ન્યારી છે હોં!'' ''તો પછી?'' અખરોટે મુસ્કુરાતાં કહ્યું, ''લાકડું તો મારું પણ વખણાય છે. કલા-કારીગરી તો મારા ઉપર પણ થાય છે. દેવદારને ખવાતું તો નથી ને! મને તો માણસો ''મેવો'' ગણે છે, સૂકો મેવો!''

બધાં અખરોટને સર્વશ્રેષ્ઠ ઘોષિત કરવાની તૈયારીમાં જ હતાં કે સફરજનનું વૃક્ષ બોલી ઊઠ્યું, ''અરે ભાઈઓ, આટલી ઉતાવળ શાને? ઈક નજર ઈધર ભી!'' બધાંએ કહ્યું, ''હા ભાઈ, તું પણ તારી રજૂઆત કર.''

સફરજન બોલ્યું, ''આ અખરોટ તો એમ ખાંડ ખાય છે ને કે એ માણસના મગજ જેવું છે? હું તો માણસનું મગજ પણ નહોતું બન્યું ત્યારનું અસ્તિત્વ ધરાવું છું.'' શ્રોતાગણ વિસ્મયમાં પડી ગયો. સફરજને દમ માર્યો, ''તમને લોકોને ખબર નથી લાગતી કે મારું તો પહેલાં સ્વર્ગમાં સ્થાન હતું. મને તો ''ટ્રી ઑફ નોલેજ'' કહેવાતું હતું. આદમ અને ઈવ મારી નજર સામે જ મોટાં થયાં છે. મારું જ ફળ ખાવાની પરમપિતાએ મનાઈ કરી હતી. અને મનુષ્યએ એ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું એટલે એમને અહીં પૃથ્વીલોક ઉપર આવવું પડ્યું.'' શ્રોતાઓ ચકિત હતા. ''હજી સાંભળો'', સફરજનનું વૃક્ષ બોલ્યું, ''કોઈને યાદ છે કે ન્યૂટન નામના મહાન વિજ્ઞાનીએ મારું ફળ એના માથા ઉપર પડ્યું ત્યાર પછી ગુરુત્વાકર્ષણનો સિધ્ધાંત શોધ્યો?''

બધાં નતમસ્તક હતાં. સફરજનનું વૃક્ષ બોલ્યું, ''મનુષ્યને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર મારા લીધે આવવું પડ્યું એટલે મને બહુ લાગી આવ્યું હતું. એટલે મેં પછી આ પૃથ્વીને જ સ્વર્ગ બનાવી દીધી. આ પ્રદેશમાં આવનારા લોકો કહે છે કે જો ક્યાંય સ્વર્ગ છે તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે.''

બધાં એકસાથે બોલી ઊઠ્યાં, ''સાચી વાત છે. મનુષ્યએ આપણા માટે ઘણું કર્યું છે. આપણી કિંમત એમના લીધે જ તો છે. ખરેખર, મનુષ્ય ખૂબ મહાન છે.''

એટલામાં શોર-બકોર કરતાં ઘણાં લોકો ત્યાં આવ્યાં. એમાંનાં કેટલાકે અખરોટના વૃક્ષ ઉપરથી અખરોટ તોડવાનું ચાલુ કર્યું. અખરોટ દર્દથી કણસતું રહ્યું. બીજાં કેટલાકે સફરજન ખેંચી-ખેંચીને તોડવાનું ચાલુ કર્યું. અખરોટે કહ્યું, ''અરે ભાઈ, તને પણ નથી છોડતાં આ લોકો?'' સફરજનના વૃક્ષે રડતાં-રડતાં કહ્યું, ''ના, હું ટ્રી ઑફ નોલેજ છું એટલે મને ખબર છે કે આજ છઠ્ઠી જાન્યુઆરીએ મનુષ્ય વર્લ્ડ એપલ ટ્રી ડે ઉજવે છે. તો પણ....'' આરીથી કપાઈ રહેલા દેવદારે વેદનાની ચીસ પાડતાં કહ્યું, ''પણ આપણે મનુષ્યનું શું બગાડ્યું છે?'' કેસરની ક્યારીઓ મૂંગે મોંઢે પોતાનો વારો આવવાની રાહ જોઈ રહી હતી એ જોઈને હિમાચ્છાદિત પહાડો ધીમેથી બોલ્યા, ''બેટા, દુઃખી ન થઈશ. આજે બીજો પણ એક દિવસ છે- વર્લ્ડ વૉર ઓર્ફન્સ ડે. મનુષ્ય કુદરતની સામે સદીઓથી લડતો આવ્યો છે. જે કુદરતે એને છુટ્ટે હાથે બધું આપ્યું છે એને જ એ અનાથ બનાવતો રહ્યો છે.'' એ જ સમયે થોડે દૂર સામે કેટલાક લોકો 'હેપી વર્લ્ડ એપલ ટ્રી ડેહ્વ ના બોર્ડ સાથે ઊભા રહીને ફોટા પડાવી રહ્યા હતા.

- mtabuch150@gmail.com

પરફેક્ટ માબાપ જેવો કોઈ શબ્દ નથી



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

હમણાં બે દિવસ પહેલા જ છાપામાં વાંચ્યું હતું કે એક નાની બાળકીને એલેક્સાએ પેની ચેલેન્જ આપી.

હવે તમને ખબર જ હશે કે એલેક્સા એટલે શું, છતાં કહી દઉં કે આપણને થોડા વધારે આળસુ બનાવવા શોધાયેલા કેટલાક સ્માર્ટ યંત્રોમાંનું એક યંત્ર એટલે એલેક્સા. એ તમારી પાસે હોય એટલે તમારા ઘરના દરેક ઈલેક્ટ્રિક સાધનો પર એનો હુકમ ચાલે. તમે કહો કે એલેક્સા પંખો ચાલુ કર કે બંધ કર એટલે એ તરત જ તમારું કામ કરી દેશે, બાળકોની જેમ રાહ નહીં જોવડાવે. તમે કહો કે ફલાણું ગીત વગાડ એટલે તરત તમારા ઘરની મ્યૂઝિક સિસ્ટમમાં તમારી પસંદનું ગીત ચાલુ થઈ જશે. ટૂંકમાં પપ્પા કહે કે સમાચાર ચલાવ અને મમ્મી કહે કે સંત્સંગ ચલાવ તો એ એલેક્સા નામનું રૂપકડું યંત્ર જરાય કંટાળ્યા વગર જેટલી વાર એને કહેવાય એટલી વાર ચેનલ બદલ્યા કરશે. મમ્મી-પપ્પાએ રીમોટનું બટન પણ જાતે દબાવવું નહીં પડે, એમણે ખાલી જીભ જ હલાવવાની અને સામે રહેલું એ યંત્ર ''યસ સર', ''યસ મેમ' કહી તરત જ એમની ઈચ્છા પૂરી કરી દેશે.

હા, તો આ યંત્ર જે તમારું કામ કરવા માટે બનાવાયું છે એણે એના પ્રોગ્રામ પ્રમાણે હંમેશા ''હુકમ મેરે આકા' એમ કહેવાને બદલે એક નાનકડી બાળકીને સામેથી હુકમ કરેલો અને એને ''પેની ચેલેન્જ'' પૂરી કરવા કહ્યું હતું.

પેની ચેલેન્જ એટલે શું? આ કદાચ બધાને ખબર નહી હોય, ચાલો હું જણાવી દઉં. પેની ચેલેન્જ એટલે તમારા ઘરના ઈલેક્ટ્રિક સોકેટમાં એક સિક્કો ભરાવી એને અડવાની ચેલેન્જ. એવું કર્યા બાદ તમારી સાથે શું થયું કે શું વીત્યું એ રેકોર્ડ કરીને એનો વિડિયો શેર કરવાનો. આ રમત ટિકટોક ઉપર ખૂબ ચાલેલી. લોકો એમનું ચાર્જર સોકેટમાં અડધું ખોસી વચ્ચે જે ગેપ રહી જાય એમાં એક સિક્કો ભરાવતા અને પછી ચાલુ થતી એ સિક્કાને અડવાની અને એ બધું રેકોર્ડ કરવાની ચેલેન્જ.

એક નાની બાળકીને એલેક્સા આવી ચેલેન્જ આપે અને એ બાળકી આવું કરે તો શું થાય? વિચારતા જ રુંવાડા ઊભા થઈ ગયા ને. એ તો સારું હતું કે એ વખતે એ બાળકીની મમ્મી ઘરે હાજર હતી અને એણે બાળકી કોઈ જોખમી પગલું લે એ પહેલાં જ એને રોકી લીધી હતી. એ એક જાગૃત સમાજની, જાગૃત મમ્મી હતી એણે તરત જ કંપનીમાં ફરિયાદ નોંધાવી એમની ભૂલ દેખાડી હતી. એમેઝોન વાળાએ પણ તરત માફી માંગી લઈ એલેક્સા ફરીથી આવું ના કરે એવી રીતે એનો પ્રોગ્રામ બદલી આપેલો.

આમાં જોવાનું એ છે કે આ ચેલેન્જ કરતી વખતે તણખા થાય કે આખા ઘરની લાઈટ જતી રહે, ફ્યુઝ ઉડી જાય એવું બધું જોઈને લોકોને મજા આવે છે. ક્યારેક આ મજા સજામાં બદલાઈ જઈ શકે છે, પણ લોકોને એનાથી ફરક નથી પડતો. એમના ગાંડપણની સજા બીજા નાના બાળકોને મળી શકે છે એ વિચારવું એમને જરૂરી નથી લાગતું. આવું પગલું જોખમી છે અને એ ના કરવું જોઈએ એ આપણા બાળકોને આપણે જ સમજાવવું રહ્યું.

બાળકો એટલે આપણા ઘરનું સૌથી મહત્વનું અને સૌથી લાડકું સભ્ય. જ્યાં વાત એની સુરક્ષાની હોય ત્યાં સહેજ પણ ચલાવી ન જ લેવાય. આજે આખો દિવસ ઘરમાં પુરાઈને રહેતું બાળક ક્યારે બહારના લોકો સાથે સંપર્ક રાખતું થઈ જાય એની જાણ થવી મુશ્કેલ છે. ઓનલાઈન રમતો રમતું બાળક નથી જાણતું હોતું કે એની સામે કોણ રમી રહ્યું છે. ક્યારેક એ અજાણ્યા લોકો બાળક સાથે વાતો કરી એનો ફાયદો ઉઠાવી શકે છે એ શક્યતા આપણે વિચારવી રહી.

એક બાર વરસની છોકરીની ઓનલાઈન ચેસ રમતી વખતે એક છોકરા સાથે દોસ્તી થયેલી. બંને પછી વાતો કરતા થયેલા. એક દિવસે વાત વાતમાં છોકરીએ કહી દીધેલું કે એના પપ્પાની એક પચાસ લાખની ડીલ કેન્સલ થઈ ગઈ. સામેવાળા માણસે એ છોકરીને વાતોમાં ભોળવી એ પચાસ લાખ હજી એના ઘરમાં પડ્યા છે એ જાણી લીધેલું અને પછી બીજા જ દિવસથી એના પપ્પાની હેરાનગતિ ચાલું થયેલી. એમને કોઈ અજાણી યુવતીનો વિડિયો કૉલ આવેલો અને એ યુવતીએ બધી હદ વટાવી નિર્વસ્ત્ર થઈ વિડિયો કૉલ કરેલો. છોકરીના પપ્પા બિચારા ડઘાઈ ગયેલા પણ એમને કંઈક ખોટું થઈ રહ્યું છે એનો ખ્યાલ આવી ગયેલો એમણે એ કૉલ કટ કરી એ નંબર બ્લૉક કરી નાખેલ. એના પછી તરત જ એમને, તમે આવા વિડિયો કેમ જુઓ છો? તમે પોર્ન જોવાના શોખીન છો એની મને જાણ થઈ ગઈ છે. હું તમને સોશ્યલ મીડિયામાં ઉઘાડા પાડીને તમારી બદનામી કરીશ - એ મતલબનો ફોન આવેલો અને આ બધાથી બચવા માટે રૂપિયા માંગેલા.

એ બાર વરસની છોકરીને જરાય ખબર જ નહોતી કે એ જેની સાથે ચેસ રમી રહી છે, એના જીવનની નાની મોટી વાતો શેર કરી રહી છે એ કોઈ એની ઉંમરનો છોકરો નથી પણ એક ઉંમરલાયક પીઢ વ્યક્તિ છે જે બાળકોને ભરમાવવા માટે જ ત્યાં બેઠી છે. એમનો તો આ જ ધંધો છે, કોઈ નિર્દોષ સાથે દોસ્તી કરી, એના વિશે જેટલી બને એટલી માહિતી એકઠી કરવી અને પછી કોઈને કોઈ બહાને રૂપિયા પડાવવા!

તમે ક્યારેય તપાસ કરી છે કે તમારા બાળકના ઓનલાઈન મિત્રો કોણ છે? એ લોકો આખો દિવસ કોની સાથે વાતો કરે છે, કે ગેમ રમે છે? સ્કૂલમાં બાળકના દોસ્ત કોણ છે એ જાણીને હાશકારો લેતા માબાપને માથે આ નવી જવાબદારી આવી પડી છે અને એમાંથી બચવાનો પાછો કોઈ રસ્તો નથી. તમારે એ જવાબદારી લેવી જ પડશે. આવા બધા કિસ્સા હવે રોજ એટલા પ્રમાણમાં બનવા લાગ્યા છે કે એ વિશે લખવા બેસું તો આખી ડાયરી ભરાઈ જાય. જ્યાં માબાપને એમની સુરક્ષાના જ હજી ઠેકાણા નથી ત્યાં વળી આ નાના નાના ભૂલકાઓને સંભાળવાની મોટી જવાબદારી આવી પડી છે. જો કે મને ખબર જ છે કે તમે એ જવાબદારી સુપેરે ઉઠાવી લેશો. આમાં ગભરાઈ જવાની નહીં પણ જાગૃત બનવાની જરૂર છે. આપણને ભલે જરાય ગતાગમ ના પડતી હોય કે જરીક પણ રસ ના હોય આપણા ઘરના બાળકોને જેમાં રસ પડતો હોય એટલા એપ્સ વિશેની અને એ કોની સાથે રમે છે કે વાતો કરે છે એટલી જાણકારી રાખવી જ રહી.

અમસ્તું,

તમારા બાળકને સૌથી વધારે ભરોસો તમારી ઉપર જ હોવો જોઈએ!

@KapadiaNiyati